# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic College Campus, University Road, Khadiya, Junagadh

Ph.(0)0285-2681400

Website :http://www.bknmu.edu.inEmail.academicbknmu@gmail.com


**પરિપત્ર**

**વિષય :** શૈ.વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માહિતી આપવા બાબત..

**સંદર્ભ :** કે.સી.જી ના તા.૦૭-૦૧-૨૦૨૦ ના પત્રનં. કે.સી.જી/૨૦૧૯-૨૦/ MYSY/998 બાબત.

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનુંકે કે.સી.જી ના તા. ૦૭-૦૧-૨૦૨૦ ના પત્ર અન્વયે ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડની શાળાઓમાંથી ધોરણ ૧૦ અથવા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહની પરીક્ષા પાસ કરી ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના સરકારશ્રી દ્વારા શરુ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત સ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેઓ ધો.૧૨માં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ ધરાવતા હોય અને જેઓના વાલીની આવક રૂ.૦૬ લાખથી ઓછી હોય એવા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ મહતમ વિદ્યાર્થીઓને મળી રહે તે હેતુથી સંદર્ભદર્શિત પત્ર અન્વયે અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માહિતી દિન -૪ માં આ સાથે સામેલ કોષ્ટક મુજબ **academicbknmu@gmail.com** EXCEL Format માં સૉફ્ટ કોપીમાં મોકલી આપવા વિનંતી.

ઇ.ચા.રજીસ્ટ્રાર

**બિડાણ: સંદર્ભ દર્શિત પત્રની નકલ તેમજ EXCEL Format**

ક્રમાંક: બીકેએનએમયુ/એકેડેમિક/ ૫૧ /૨૦૨૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ ખડીયા, જૂનાગઢ.

તા.૦૯-૦૧-૨૦૨૦

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રી તરફ..

**નકલ સાદર રવાના :**

૧. માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**

૧. આઈ.ટી. સેલ તરફ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા સારૂ...

નં: કેસીજી/૨૦૧૯-૨૦/MYSY/૧૧૪

નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત

પ્રજ્ઞા પુરમ કેમ્પસ,

નવરંગપુરા, અમદાવાદ

તા. ૦૭/૦૧/૨૦૨૦

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ યુનિવર્સિટીઓ,

ગુજરાત રાજ્ય

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માહિતી આપવા બાબત.

શ્રીમાન,

ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડની શાળાઓમાંથી ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહની પરીક્ષા પાસ કરી ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ છે. ઉક્ત યોજના હેઠળ સ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેઓ ધો-૧૨માં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઇલ ધરાવતા હોય અને જેઓના વાલીની આવક રૂ. ૬ લાખથી ઓછી હોય એવા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે.

આપની યુનિવર્સિટીઓમાં તમામ ડીગ્રી કોર્ષમાં પ્રથમ વર્ષમાં એડમીશનની કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવે છે. જેથી આ યોજનાનો મહત્તમ લાભ તમામ લાભાર્થી વિદ્યાર્થીઓને આપી શકાય તે હેતુસર ધો-૧૨માં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ સાથે પાસ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં આપની યુનિવર્સીટીની સંલગ્ન કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માહિતી <u>અથવા</u> પરસેન્ટાઈલનો ડેટા ઉપલબ્ધ ન હોય તો ધો-૧૨માં ૬૦%થી કે તેથી વધુ સાથે પાસ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માહિતી દિન-૭માં આ સાથે સામેલ કોષ્ટક મુજબ **osd.kcg@gmail.com** પર Excel Formatમાં સોફ્ટ કોપીમાં મોકલી આપવા વિનંતી છે.

(પ્રો.એ.યુ.પટેલ)

એડવાઇઝર, કેસીજી

પૂર્વ કુલપતિ. ગુજરાત યુનિવર્સિટી

NO. ૫૦ 
૦૮/૦૧/૨૦૨૦

<u>નકલ રવાના જાણ સારૂ</u>

૧) કુલપતિશ્રી, તમામ યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.

| college data format | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Sr. No | 12th seat no | Student name | Institute Name | Course Name | Cate gory | Gender | percentage | Percentile | Total Family Income |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

આચાર્ય નાં સહી/ સિક્કા